પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 12-11-2026 **Midday : 2.30 to 2.35 PM**

Day : Thursday **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

JANJATIYA GAURAV DIVAS UJAVANI

ભગવાન બિરસા મુંડાની 151-મી જન્મજયંતી નિમિત્તે સમગ્ર રાજ્યમાં આજથી જનજાતીય ગૌરવ સપ્તાહની ઉજવણીનો પ્રારંભ થયો. તે અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા આગામી 18 નવેમ્બર સુધી રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમ યોજાશે. આવતીકાલે 14 આદિજાતિ જિલ્લા ના 55 વિધાનસભા વિસ્તારમાં યુવાસભા યોજાશે. જ્યારે 14 તારીખે મહાનાયકોની પ્રતિમા પાસે સ્વચ્છતા અભિયાન , ગ્રામ પંચાયતોમાં દીપોત્સવ , આરતી અને ભજનસંધ્યાનું આયોજન કરાયું છે. આ ઉપરાંત ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આગામી 15 નવેમ્બરે છોટા ઉદેપુર જિલ્લામાં ભગવાન બિરસા મુંડાની જન્મજયંતી નિમિત્તે રાજ્યકક્ષાનો મુખ્ય સમારોહ યોજાશે. આ ઉજવણી દરમિયાન 7112 આદિવાસી પરીવારોને વન અધિકાર પત્રોનું વિતરણ અને આદિજાતિ પ્રતિભાઓનું સન્માન કરાશે. ગાંધીનગરમાં આ અંગે પત્રકાર પરિષદને સંબોધતા આદિજાતિ વિકાસ મંત્રી નરેશ પટેલે વધુ માહિતી આપી.

(BYTE: NARESH PATE, TRIBAL DEVELOPMENT MINISTER)

સાથે જ જનજાતીય ગૌરવ સપ્તાહની ઉજવણી અંતર્ગત 16 તારીખે પ્રબુદ્ધ નાગરિક સભા , 17 તારીખે 15થી વધુ પરંપરાગત રમતોનો રમતોત્સવ , 18 નવેમ્બરે 250 આદિજાતિ મહિલા અગ્રણીઓની મહિલા સભા યોજાશે.

MADAN MOHAN MALAVIYA PUNYATITHI

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભારતરત્ન પંડિત મદન મોહન માલવિયજીની પુણ્યતિથિ નિમિત્તે તેમને વંદન કર્યા. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી પટેલે લખ્યું, પ્રખર રાષ્ટ્રવાદી ચિંતક , મહાન શિક્ષણવિદ્ અને સમાજ સુધારક , 'ભારતરત્ન' મહામના પંડિત મદનમોહન માલવીયજીની પુણ્યતિથિએ ભાવપૂર્ણ વંદન . તેમના જ્ઞાનપૂર્ણ વિચારો, સ્વદેશી ચેતના અને અવિરત રાષ્ટ્રસેવાના ઉચ્ચ આદર્શ પ્રત્યેક પેઢી માટે સદાય પથદર્શક રહેશે તેમ પણ શ્રી પટેલે વધુમાં ઉમેર્યું.

PUBLIC SERVICE BROADCASTING DAY

આજે 12 નવેમ્બર એટલે જાહેર સેવા પ્રસારણ દિવસ. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી દ્વારા આકાશવાણીના માધ્યમથી કરાયેલા ઐતિહાસિક સંબોધનની યાદમાં દર વર્ષે આજના દિવસને જાહેર સેવા પ્રસારણ દિવસ તરીકે મનાવાય છે.

(VOICECAST: MUKESH BAL)

SRT DIWALI TRAIN

દિવાળી અને છઠ પર્વ નિમિત્તે સુરતમાં ઉધના રેલવેમથક પરથી માત્ર 10 દિવસમાં બે લાખ 70 હજારથી વધુ યાત્રીઓ રવાના થતા એક નવો વિક્રમ સર્જાયો. આ અંગે ભારતીય રેલવેના જનસંપર્ક અધિકારી અનુભવ સક્સેનાએ વધુ માહિતી આપી.

(BYTE: ANUBHAV SAXENA, PRO, SURAT WESTERN RAILWAY)

UNDER 19 CRICKET

19 વર્ષથી ઓછા વયજૂથના એૅશિયા ક્રિકેટ કપમાં આજે બીજી સેમિફાઈનલમાં ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે મુકાબલો ચાલી રહ્યો છે. ઓમાનમાં રમાતી મેચમાં ટોસ જીતીને અફઘાનિસ્તાને પહેલા બેટિંગ કરી નિર્ધારિત 50 ઓવરમાં આઠ વિકેટ ગુમાવી 227 રન બનાવ્યા. ટીમ તરફથી નોમન સાલા-રઝાઈ અને શાહ ફૈઝલ રહિમી બંનેએ 51-51 રન બનાવ્યા. તો , ભારત તરફથી ઈશાન સુદે સૌથી વધુ ત્રણ વિકેટ લીધી. ઉપરાંત આર્યન સાવસાનીએ બે તથા કાવ્ય પટેલ અને યશવર્ધન ચૌહાણે એક-એક વિકેટ ઝડપી. હાલમાં મળતાં અહેવાલ મુજબ ભારતીય ટીમે અત્યાર સુધીમાં 4 ઓવરમાં વિના વિકેટે 21 રન બનાવ્યા છે.